અમદાવાદ મંડળે, એપ્રિલથી ઓક્ટોબર ૨૦૨૧ના સમયગાળામાં માલના પરિવહન દ્વારા ૨૭૭૮.૧ કરોડ રૂપિયા ની આવક પ્રાપ્ત થઈ

અમદાવાદ, અમદાવાદ મંડળે ૧ એપ્રિલ, ૨૦૨૧ થી ૩૧ ઓક્ટોબર, ૨૦૨૧ સુધીના સમયગાળામાં માલ પરિવહન માં ૨૭૭૮.૧૭ કરોડ રૂપિયાની આવક મેળવી ને સીમાચિહ્નો હાંસલ કર્યા છે. મંડળ રેલ પ્રબંધક શ્રી તરુણના ઊર્જાસભર નેતૃત્વ, સક્ષમ માર્ગદર્શન અને દૂરંદેશી પ્રેરણાના પરિણામે આ મોટી સિદ્ધિ શક્ય બની છે. મંડળ રેલ પ્રવક્તાએ માહિતી આપતા જણાવ્યું હતું કે અમદાવાદ મંડળના કુકુમા સ્ટેશનથી ૧૧ નવેમ્બર, ૨૦૨૧થી લેટેરાઈટ લોડિંગ કરવાનું નવું પરિવહન (ટ્રાફિક) શરૂ થઈ રહ્યું છે.જેમાં કુકુમા સ્ટેશનથી લેટેરાઈટની અવરજવર માટે જે.કે. સીમેન્ટ સાઈડિંગ મગરોલ, મંગલમ સિમેન્ટ વર્ક્સ મોરક, વન્ડર સિમેન્ટ સાઈડિંગ નીમચ, પન્ના સિમેન્ટ ઈન્ડસ્ટ્રીઝ લિ. ગુંટાકલ, નંદયાલ, અલ્ટ્રાટેક સિમેન્ટ ગુંટાકલ ને સ્ટેશન થી સ્ટેશન સુધી માલ પરિવહન માં છૂટના પ્રસ્તાવને મંજૂરી આપી છે. જેમાં મંડળ ને લગભગ ૭ કરોડ રૂપિયા ની વાર્ષિક આવક પ્રાપ્ત થશે. DFCCILના નવા સવાઈ માધોપુર થી અમદાવાદ મંડળના સામાખિયાલી સ્ટેશનની વચ્ચેના રો-રો ટ્રાફિકને રેલવે બોર્ડની મંજૂરી મળી ગઈ છે. જલ્દી થી અહીંયા પણ ટ્રાફિક શરૂ થઈ જશે. મતનગર સ્ટેશનથી ઘઉંના નવા બાહ્ય પરિવહન શરૂ કરવામાં આવ્યું છે. જેમાં ઑક્ટોબર ૨૦૨૧ના મહિના માં ૨.૫ રેકોંની લોડીંગ થી લગભગ ૧.૫૯ કરોડ રૂપિયાની કમાણી આપી રહ્યા હતા. અમદાવાદ મંડળમાં કુલ મળીને એપ્રિલ ૨૦૨૧થી ઑક્ટોબર ૨૦૨૧ના સમયગાળામાં માલ પરિવહન માંથી ૨૭૭૮.૧૭ કરોડ રૂપિયાની આવક પ્રાપ્ત થઈ છે. અમદાવાદના મંડળ રેલ પ્રબંધક શ્રી તરુણ જૈનના માર્ગદર્શન હેઠળ મ્ઙૈં (બિઝનેસ ડેવલપમેન્ટ યુનિટ)ના અથાક પ્રયત્નોને કારણે, ?ઉપરોક્ત સમયગાળા દરમિયાન વાણિજ્ય વિભાગના અધિકારીઓ અને નિરીક્ષકો દ્વારા સ્થાનિક વેપારીઓ સાથે ઘણી બેઠકો યોજવામાં આવી છે. જેના પરિણામ સ્વરૂપે મંડળને આ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે.

૪ વર્ષમાં જનધન ખાતામાં ૪૮ ટકાનો વધારો નોંધાયો

અમદાવાદ, ભારત હવે ફાઈનાન્સિયલ ઈન્ક્લૂઝન મેટ્રિક્સમાં ચીનથી આગળ છે. જોકે, નોન-બ્રાન્ચ બીસી (બિઝનેસ કોરસ્પોન્ડન્ટ) મોડલને સુદૃઢ કરવું મહત્ત્વપૂર્ણ છે. જનધન યોજના, ડિજિટલ ઈન્ફ્રા સ્ટ્રક્ચર અને ગામે ગામ બેંક મિત્રને કારણે ભારતે ચીન, જર્મની અને દક્ષિણ આફ્રિકાને પાછળ છોડી દીધા છે. ભારત હવે પ્રતિ એક લાખ વયસ્કો પર બેંક શાખાઓની ઉપલબ્ધતા મામલામાં ચીનથી આગળ નીકળી ગયું છે. ભારતમાં હવે પ્રતિ એક લાખ વયસ્કો પર બેંક શાખાઓની સંખ્યા વધીને ૧૪.૭ થઈ ગઈ, જે ૨૦૧૫માં ૧૩.૬ હતી દેશની સૌથી મોટી બેંક ભારતીય સ્ટેટ બેંકની રિસર્ચ વિંગના નવેમ્બર ૨૦૨૧ના 'ઈકોરૅપ' રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે જે રાજ્યોમાં વધુ જનધન ખાતા ખોલવામાં આવ્યા છે ત્યાં ક્રાઈમ રેટ તથા દારૂ, તમાકુ જેવા નશીલા પદાર્થોની ખપતમાં ઘટાડો આવ્યો છે. એસબીઆઈના મુખ્ય આર્થિક સલાહકાર સૌમ્ય કાંતિ ઘોષની ટીમે તૈયાર કરેલા રિપોર્ટ મુજબ, 'પ્રધાનમંત્રી જન ધન ખાતા યોજનાના ખાતાની સંખ્યામાં વધારો અને આ ખાતાઓમાં બેલેન્સ રકમથી અપરાધમાં ઘટાડો નોંધાયો છે. આ જનધન આધાર મોબાઈલ ટ્રિનિટીના કારણે હોઈ શકે છે, જેણે સરકારી સબસિડીને સારી રીતે ખાતાધારકો સુધી પહોંચાડવામાં મદદ કરી છે અને ગ્રામ્ય વિસ્તારોમાં દારૂ અને તમાકુ પાછળનો ખર્ચ રોકવામાં મદદ કરી છે.' પણ ગુજરાતના ૨૦૧૭થી ૨૦૨૦ સુધીના ચાર વર્ષના આંકડાઓની તુલના કરીએ તો રાજ્યમાં જનધન ખાતાની સંખ્યામાં ૪૮ ટકાનો વધારો થયો છે અને તેમાં જમા રકમમાં ૭૮ ટકાનો વધારો થયો છે જેની સામે આ જ સમયગાળામાં ગુનાખોરીમાં ૧૦૯ ટકાનો વધારો નોંધાયો છે. રાજ્યમાં જનધન ખાતાઓની સંખ્યા વધી છે અને આ ખાતાઓમાં જમા રકમમાં પણ વધારો નોંધાયો છે તેની સામે ગુનાખોરી પણ ઘણી વધી છે. રાજ્યમાં ૩૦મી જૂન સુધીમાં કુલ ૧.૬૧ કરોડ જનધન ખાતાં ખૂલ્યાં છે. જેમાંથી ૧.૦૧ કરોડ ખાતા ગ્રામ્ય વિસ્તારોમાં જ્યારે ૬૦.૭૯ લાખ ખાતા શહેરી વિસ્તારોમાં છે. તમામ ખાતાઓમાં મળીને કુલ ૬૫૮૦ કરોડ રૂપિયા જમા છે. ૮૩ ટકા જનધન ખાતાઓ આધાર કાર્ડ સાથે જોડાયેલા છે. આ ખાતાઓમાંથી ૧૦.૩૪ લાખ એટલે કે ૬.૩૯ ટકા ખાતાં શૂન્ય બેલેન્સ વાળા છે. એસબીઆઈ અને બેંક ઓફ બરોડામાં જનધન ખાતામાં સૌથી વધુ રકમ જમા છે. કેન્દ્રીય નાણા મંત્રાલય મુજબ, ઓગસ્ટ ૨૦૧૪માં આ યોજના શરૂ થયા બાદથી અત્યાર સુધી ૪૩.૭૬ કરોડ જનધન ખાતાં ખોલવામાં આવી ચૂક્યા છે. મંત્રાલયના ટ્વીટ મુજબ, પ્રત્યેક વયસ્ક નાગરિકને બેંકિંગ સુવિધા આપવા માટે શરૂ કરવામાં આવેલા અભિયાનમાં ૨૧ ઓક્ટોબર ૨૦૨૧ સુધી જન-ધન ખાતાધારકોને મફત દુર્ઘટના વીમા કવર આપનાર ૩૧.૬૭ કરોડ રૂપિયા રૂપે ડેબિટ કાર્ડ ઈશ્યૂ કરવામાં આવી ચૂક્યા છે.

રિલાયન્સ નિપ્પન લાઈફ ઈન્શ્યોરન્સ 'નિશ્ચિત સમૃદ્ધિ' પ્લાન લોન્ચ કરે છે

અમદાવાદ, રિલાયન્સ નિપ્પોન લાઈફ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડે, ભારતની અગ્રણી ખાનગી જીવન વીમા કંપનીમાંની એક, તેની નવી યોજના, રિલાયન્સ નિપ્પોન લાઈફ નિશ્ચિતસમૃદ્ધિ, બિન-લિંક્ડ, બિન-ભાગીદારી, વ્યક્તિગત, બચત જીવન વીમા યોજના લોન્ચ કરવાની જાહેરાત કરી. જે શ્રેષ્ઠ, કરમુક્ત, બાંયધરીકૃત વળતર આપે છે. બાળજન્મથી નિવૃત્તિ સુધીના બહુવિધ જીવન તબક્કાના ઉકેલો માટે યોગ્ય આ યોજના ગ્રાહકોને બે વિકલ્પો વચ્ચેની પસંદગી સાથે રોકાણ કરવાની સુગમતા પ્રદાન કરે છે - આવક વિકલ્પ અને એન્ડોમેન્ટ વિકલ્પ. વ્યક્તિ તેમની નાણાકીય જરૂરિયાતો અને ધ્યેયોને શ્રેષ્ઠ અનુરૂપ વિકલ્પ પસંદ કરી શકે છે.

આ યોજનાના આવક વિકલ્પ હેઠળ, વ્યક્તિએ ૬ અથવા ૭ વર્ષની મર્યાદિત અવધિ માટે પ્રીમિયમ ચૂકવવાની જરૂર છે, અને ૭મા/૮મા વર્ષ પછી, પોલિસીધારક ૨૦ વર્ષ સુધીના સમયગાળા માટે નિશ્ચિત નિયમિત આવકનો આનંદ માણશે. વધુમાં, તેઓને પાકતી મુદત પર બાંયધરીકૃત લમ્પસમ લાભ પણ મળશે. ૩૦ વર્ષની વયના પુરૂષ માટે, રૂ. ૭ વર્ષ માટે વાર્ષિક ૩ લાખ, આ વિકલ્પ ૨૮ વર્ષની સમગ્ર પોલિસી મુદત દરમિયાન જીવન વીમા કવચ પ્રદાન કરવા માટે ૫.૯૨% વળતર આપે છે.(૧૯-૨)

ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓએ શેરિંગ કમ્યુનિટીઝના વૈશ્વિક અભિયાનમાં ભાગ લીધો

અમદાવાદ, દર વર્ષે ઓક્ટોબરના પ્રથમ સપ્તાહ (૪-૧૦ ઓક્ટોબર)માં ઉજવવામાં આવતું ગ્રીન એક્શન વીક એ સાતત્યપૂર્ણ વપરાશને પ્રોત્સાહન આપવા માટેનું વૈશ્વિક લોકોનું અભિયાન છે. દર વર્ષે વિશ્વભરના સંગઠનો સર્વને સ્પર્શતા મુદ્દાઓને પ્રોત્સાહન આપવા માટે સંયુક્ત પ્રયાસો હાથ ધરે છે. આ વર્ષે મુખ્ય વિષય શેરિંગ કમ્યુનિટીઝ એટલે કે સામુદાયિક વહેંચણીનો છે. સીઈઆરસીએ આપ-લે નો ઓટલોની રચના અને તેને પ્રોત્સાહન આપવાની પહેલ હાથ ધરી છે જે સ્થાનિક નિવાસીઓ અને પ્રવાસી અને દૈનિક શ્રમિક સમુદાયો વચ્ચેનું એક શેરિંગ પ્લેટફોર્મ છે. જેનો હેતુ સદ્ધર લોકોમાં કપડાં, સ્ટેશનરી, ગરમ વસ્ત્રો, રેઈન કોટ્સ, વાસણો વગેરે જેવી તેમના દ્વારા ઉપયોગમાં લેવાતી અને સારી સ્થિતિમાં રહેલી ચીજ-વસ્તુઓની આ સમુદાયના વંચિત લોકોમાં વહેંચણી કરવાને પ્રોત્સાહન આપવાનો છે. વિવિધ અન્ય કામગીરીઓ ઉપરાંત સીઈઆરસી રાંધેજા સ્થિત ગૂજરાત વિદ્યાપીઠના સેન્ટર ફોર સ્ટીડઝ ઈન રૂરલ મેનેજમેન્ટ (સીએસઆરએમ)ના વિદ્યાર્થીઓ માટે દર વર્ષે ૩ દિવસના કન્ઝ્યૂમર પ્રોટેક્શન એન્ડ સસ્ટેઈનેબલ કન્ઝમ્પ્શનના અભ્યાસક્રમનું પણ આયોજન કરે છે. આ વર્ષે તેનું ઓનલાઈન આયોજન કરાયું હતું, જેમાં ગ્રાહક અધિકારો અને જવાબદારીઓ, સાતત્યપૂર્ણ જીવનશૈલી, શેરિંગ કમ્યુનિટીઝ દ્વારા સસ્ટેઈનેબલ કન્ઝમ્પ્શન તથા સાતત્યપૂર્ણ ભાવિમાં ગ્રાહકની ભૂમિકા જેવા વિષયો અંગે વિદ્યાર્થીઓને જ્ઞાન અપાય છે. પ્રારંભિક પ્રવચનમાં સીએસઆરએમના ડિરેક્ટર ડો. રાજીવ પટેલે ગ્રાહક અધિકારો અને સાતત્યપૂર્ણ વૃદ્ધિ અંગે જાગૃતિના મહત્ત્વને સ્વીકારતા વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ માટે દર વર્ષે અભ્યાસક્રમના આયોજન બદલ સીઈઆરસીનો આભાર વ્યક્ત કર્યો હતો.(૨૨-૧)

Printed & Published by Mayur C. Bhatt on behalf of Kalyani Pub. Pvt. Ltd Printed at- Mahadev Offset, A/49, Ground Floor, Sumel-6, Dariyapur-kazipur, Ahmedabad. Published from 201-2, Nandan Com. Opp. Mithakhali Rly Crossing, Mithakhali, Ahd-6 Edi.: Mayur Bhatt

અમદાવાદના રોમિયો સામે યુવતી અને તેના માતા-પિતા દ્વારા ફરિયાદ નોંધાવી

અમદાવાદ

રિવરફ્રન્ટ પર વોકિંગ કરી રહેલી રીટાને સચિને ઉભી રાખીને તેની સાથે પ્રેમ સંબંધ રાખવા માટે પૂછ્યું હતું. પરંતુ રીટાએ ઈનકાર કરી દેતાં સચિન તેની પર ખૂબજ ગુસ્સે થયો હતો. રીટા જ્યારે પણ ઘરેથી બહાર નીકળતી ત્યારે તેની રાહ જોઈને ઉભો રહેલો સચિન તેનો પીછો કરતો અને માનસિક રીતે હેરાન કરવાનો પ્રયત્ન કરતો હતો. આખરે રીટાએ આ સમગ્ર બાબતની જાણ તેના માતા પિતાને કરી હતી. રીટાના માતા પિતાએ રીટાની વાત સાંભળીને તેને હિંમત આપી હતી. બાદમાં પોલીસ સ્ટેશનમાં જઈને સમગ્ર બાબતે સચિન વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે.અમદાવાદમાં છેડતીના બનાવો દિવસે દિવસે વધી રહ્યાં છે. નોકરીએ જતી મહિલાઓની છેડતી થવાના બનાવોમાં સતત વધારો થઈ રહ્યો છે. શહેરમાં એક નોકરી કરતી યુવતી સાથે યુવકને એકતરફી પ્રેમ થયો હતો. યુવક યુવતીને પ્રેમ સંબંધ રાખવાનું કહેતો હતો પરંતુ યુવતી તેને આ માટે ઈનકાર કરતી હતી. જેથી જ્યારે પણ આ યુવતી ઘરેથી નોકરીએ જવા નીકળતી ત્યારે આ યુવક તેનો પીછો કરતો હતો. તે યુવતીને માનસિક રીતે હેરાન કરતો હતો.

યુવતીએ પોલીસ ફરિયાદ કરતાં પોલીસે ગુનોં નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે શહેરના દાણિલિમડા વિસ્તારમાં ૨૦ વર્ષની રીટા (નામ બદલ્યું છે) નામની યુવતી પરિવાર સાથે રહે છે. તે પોતાના પરિવારની મદદ કરવા માટે નોકરી કરે છે. આ જ વિસ્તારનો એક સચિન (નામ બદલ્યું છે) નામનો યુવક રીટાના પ્રેમમાં પડ્યો હતો. તે રીટાને પ્રેમ સંબંધ રાખવા માટે દબાણ કરતો હતો. જ્યારે રીટા ઘરેથી નોકરી જતી ત્યારે સચિન તેનો પીછો કરતો હતો. રીટાને પ્રેમ સંબંધ રાખવા માટે વારંવાર જાહેરમા રસ્તા વચ્ચે ઉભી રાખીને પૂછતો હતો. સચિન રીટાની સામે ટગર ટગર જોયા કરતો હતો. ત્યારે રીટાએ સચિનની આવી હરકતોથી કંટાળીને નોકરી છોડી દીધી હતી. તેણે સમાજમાં પોતાના માતા પિતાની આબરૂ જાય નહી તે માટે આ બાબતની જાણ પણ કરી નહોતી.

સ્પીડલેબ્સની મોડલ ક્વેશ્ચન બેંક, પ્રેક્ટિસ ટેસ્ટ સીરિઝ-વ્યક્તિગત વિશ્લેષણની સુલભતા આપતી ફ્રી લોગ-ઈન ઓફર

SpeEdLabs
FREE LOGINS
FOR 10TH & 12TH STUDENTS

અમદાવાદ, મહામારી પછી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓની પેટર્નમાં મોટો ફેરફાર થયો છે અને વિદ્યાર્થીઓએ શ્રેષ્ઠ ગ્રેડ મેળવવા મોડલ પ્રશ્નોનું સમાધાન કરવાની પ્રેક્ટિસ કરવી જોઈએ. અગ્રણી એજ્યુટેક પ્લેટફોર્મ 'સ્પીડલેબ્સ' ધોરણ ૧૦ અને ૧૨ના બોર્ડની પરીક્ષાઓની તૈયારી કરતાં તમામ વિદ્યાર્થીઓને પ્લેટફોર્મ પર ફ્રી લોગ-ઈન કરવાની તક આપે છે. આ પ્લેટફોર્મ વિદ્યાર્થીઓને ૨૫,૦૦૦ થી વધારે પ્રશ્નો, વિવિધ પ્રેક્ટિસ અને રિવિઝન ટેસ્ટ, વ્યક્તિગત વિશ્લેષણ અને માર્ગદર્શનની અમર્યાદિત સુલભતા આપે છે. 'સ્પીડલેબ્સ' રાજ્યોની બોર્ડની પરીક્ષાઓ—એસએસસી/એચએસસી, સીબીએસઈ અને આઈસીએસઈની તૈયારી કરતાં વિદ્યાર્થીઓ માટે અંગત શિક્ષણમાં પણ સ્પેશ્યલાઈઝેશન ધરાવે છે. આ ફ્રી લોગ-ઈન ઓફરનો લાભ લેવા ઈચ્છતાં ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ http://practice.speedlabs.in લોગ ઈન કરી શકે છે. બોર્ડની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓને આ ઓફર પાછળના ઉદ્દેશ વિશે સ્પીડલેબ્સના સ્થાપક વિવેક વાર્ષ્ણેય એ કહ્યું હતું કે, "મહામારી પછી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓ માટે પેટર્ન્સ બદલાતાં પ્રશ્નપત્રોમાં જવાબ લખવાની કળા આવશ્યક બની ગઈ છે. (૨૨-૧)

અમદાવાદ મંડળના પાલનપુર સ્ટેશન પર સ્થિત ટ્વિન આરઓબીનું થશે પુનઃનિર્માણ

2021/11/3 16:07

અમદાવાદ, પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર પાલનપુર સ્ટેશન પર સ્થિત ટ્વિન આરઓબી નું નિર્માણ ડીએફસીસી રેલવે પ્રોજેક્ટને હેઠળ કરવામાં આવી રહ્યું છે.

હાલમાં આ ટ્વિન આરઓબીના એક રેલ્વે સ્પાન ૨૭ મીટરનો આરઓબી નંબર ૧ પર અને બે સ્પાન અન્ય આરઓબી નંબર ૨ પર છે. ડીએફસીસી પ્રોજેક્ટ હેઠળ, આ ડબલ લાઈન ડીએફસીસી ટ્રેક ને પસાર કરવા માટે અને હાલના આરઓબી ની ભારતીય રેલ્વે ટ્રેક પર વર્ટિકલ ક્લિયરન્સ વધારવા માટે આ ટવિન આરઓબીનું પુનઃનિર્માણ કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત નવા બો સ્ટ્રિંગ ગર્ડર આરઓબી ની ઉપર ડીએફસીસી દ્વારા નાખવામાં આવી રહ્યા છે. જેમાં જૂના આરઓબી નંબર ૧ને તોડીને ડીએફસીસી ટ્રેક ને પસાર કરવા માટે આરસીસી બોક્સ બનાવી દેવામાં આવ્યા છે અને હાલના રેલવે ટ્રેક પર બે બો સ્ટ્રીંગ ગર્ડરનું લોકાર્પણ કરી દેવામાં આવ્યું છે. જેમાં એક બો સ્ટ્રીંગ ગર્ડર ભવિષ્યના ડબલીગ પ્રોજેક્ટ વિસ્તાર માટે પણ નાખવામાં આવી રહ્યું છે. ડીએફસીસી પ્રોજેક્ટ હેઠળ આ કામ માર્ચ ૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટના પૂર્ણ થયા પછી, ડીએફસીસીના કરજોડાથી (નવા પાલનપુર) થી મકરપુરા (નવા વડોદરા) અને વિભાગ ડીએફસીસી માટે કાર્યરત થશે અને હાલના રેલવે ટ્રેક પર વધી ગયેલ વર્ટિકલ ક્લિયરન્સ ની સાથે ડબલ સ્ટેગ કન્ટેનરની અવરજવર સરળ રીતે શરૂ થઈ જશે.

આ ટ્વીન બો સ્ટ્રીંગ ગર્ડરના લોકાર્પણથી પાલનપુર સ્ટેશન અને પાલનપુર શહેરની સુંદરતામાં પણ વધારો થશે અને સ્થાનિક વહીવટીતંત્રની માંગણી મુજબ આરઓબી ની નીચેથી લોકોની અવરજવર માટે પણ રસ્તો બનાવવામાં આવી રહ્યો છે.

વડોદરામાં હોસ્પિટલોની લુંટની કુલ ૪૯૧ ફરિયાદથી હાહાકાર મચ્યો

વડોદરા, કોરોનામાં વધુ બિલ લીધાની ફરિયાદોમાંથી ૨૩ ફરિયાદો તો સ્ટર્લિંગ હોસ્પિટલ સામે જ થઈ હતી. આ ઉપરાંત આ હોસ્પિટલના સત્તાધીશો સામે દર્દીઓ પાસેથી વધુ રૂપિયા ખંખેર્યા હોય તેવી વધુ ૨૧ ફરિયાદો તો પેન્ડિંગ છે. પાલિકાએ આ હોસ્પિટલ પાસેથી જ રૂપિયા ૪ લાખ ૩૯ હજાર ૨૭૨ રૂપિયાની માતબર રકમ દર્દીઓના સગાઓને અપાવી હતી. દર્દીને વધુ વસૂલેલા રૂપિયા પરત અપાવ્યા હોય તેવી હોસ્પિટલોમાં સ્ટર્લિંગ, બેંકર્સ હાર્ટ, ગુજરાત કિડની મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ, સવિતા હોસ્પિટલ, સ્પંદન, પ્રાણાયામ અને સ્વાસ્થ્ય હોસ્પિટલનો સમાવેશ થાય છે. અત્યાર સુધી કોર્પોરેશનની કાર્યવાહીમાં ૨૬૫ ફરિયાદોમાંથી ૫૯ ફરિયાદો પેન્ડિંગ છે.વડોદરામાં કોરોનાની બીજી લહેર દરમિયાન દર્દીઓને લૂંટનારી હોસ્પિટલો સામે થતી ફરિયાદો વધતી જઈ રહી છે. ફક્ત સ્ટર્લિંગ હોસ્પિટલ સામે જ ૩૫ ફરિયાદો નોંધાઈ ચૂકી છે. કોરોનાની સારવારમાં દર્દીના પરિવારજનો પાસેથી નિયમ કરતા વધુ નાણા ખંખેર્યાની શહેરની વિવિધ હોસ્પિટલો સામે છેલ્લા ૧૪ દિવસમાં જ ૬૦થી વધુ ફરિયાદો તંત્ર સમક્ષ થઈ છે. આ સાથે કુલ ફરિયાદોનો આંક ૪૯૧ પર પહોંચી ગયો છે. કઈ કઈ હોસ્પિટલો સામે ફરિયાદ થઈ છે તેની માહિતી આપવાનો કોર્પોરેશને ઈન્કાર કરી દીધો છે. પૂર્વ પ્રધાન યોગેશ પટેલે ગત ૨૪ ઓક્ટોબરે કરેલા નિવેદન અને સ્ટર્લિંગના તબીબ ડૉ.સોનિયા દલાલે દર્દીઓ પાસેથી વધુ નાણા ખંખેર્યા હોવાના સ્ફોટક ખુલાસા કર્યા બાદ રોજની સરેરાશ ૪ ફરિયાદો નોંધાઈ રહી છે.

INDOSTAR HOME FINANCE PRIVATE LIMITED

Registered & Corporate Office : One World Center, 20th Floor,
Tower 2A, Jupiter Mills Compound, Senapati Bapat Marg, Mumbai – 400 013
Corporate Identity Number: U65990MH2016PTC271587
Tel: +91 22 43157000; **Fax:** +91 22 43157010
Email: contact@indostarcapital.com; **Website:** www.indostarhfc.com

નોટિસ

નિર્દેશ ૨૦૨૧(રિઝર્વ બેન્ક) હાઉસિંગ ફાયનાન્સ કંપની નૉન બેન્કીંગ ફાયનાન્સ કંપની ના મુખ્ય સૂચન ના પેરાગ્રાફ ૯૩ની શર્તો મુજબ નોટીસ આપવામાં આવે છે કે બારડોલી બીએસએનએલ ઓફિસની પાછળ, જલારામ ચોક, શિવમ સદન ગુજરાત ૩૯૪૬૦૧ ખાતે આવેલી કંપનીની શાખા ઓફિસ ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૨ની અસર થી બંધ કરવામાં આવશે. તેની કામગીરી નજીકની શાખા એફ-૧-એ, ૧લો માળ, સિટી સ્કવેર બેન્ક ઓફ બરોડાની ઉપર, અજરામર ચોક રાંદેર રોડ પાસે ગામ- અડાજણ , સુરત ૩૯૫ ૦૦૯, ગુજરાત ખાતે લઈ જવામાં આવી છે.

તમારે કોઈ પણ મદદની જરૂર હોય તો નજીકની શાખામાં સપર્ક કરી શકો છો. અને ઉપર જણાવેલ કચેરીમાં ઈ-મેઈલ : contact@indostarcapital.com.

આ નોટીસ કંપનીની વેબસાઈટ (www.indostarhfc.com) પર જોઈ શકાશે.

ઈંડોસ્ટાર હોમફાયનાન્સ પ્રાઈવેટ લીમીટેડ
સહી/-
પ્રિયલ શાહ
કંપની સેક્રેટરી

તારીખ : ૧૨.૧૧.૨૦૨૧

PANAMA PETROCHEM LIMITED

Regd.Office:- Plot No. 3303, G.I.D.C., Ankleshwar-393002 CIN NO. L23209GJ1982PLC005062
Corp. Office:- 4th Floor, Aza House, 24 Turner Rd., Near Tawa Restaurant, Bandra (W), Mumbai - 400050
Website : www.panamapetro.com Phone: 91-22-42177777, E-mail: cs@panamapetro.com

EXTRACT OF UNAUDITED CONSOLIDATED FINANCIAL RESULTS FOR THE QUARTER AND THE HALF YEAR ENDED 30 SEPTEMBER 2021

(₹ in Lakhs)

Sr. No.	Particulars	Quarter ended			Half Year Ended		Year Ended
		30 September 2021 (Unaudited)	30 June 2021 (Unaudited)	30 September 2020 (Unaudited)	30 September 2021 (Unaudited)	30 September 2020 (Unaudited)	31 March 2021 (Audited)
1	Total Income from operations	56,444.57	55,233.80	32,605.97	1,11,678.37	48,642.96	1,45,214.81
2	Net Profit for the period (before tax, Exceptional and/or extraordinary items)	7,866.58	7,399.90	2,417.11	15,266.48	2,891.72	17,951.20
3	Net Profit/(Loss) for the period before tax (after Exceptional and /or extraordinary items)	7,866.58	7,399.90	2,417.11	15,266.48	2,891.72	17,951.20
4	Net Profit for the period after tax (after exceptional and/or extraordinary items)	6,192.42	5,807.46	1,844.88	11,999.88	2,222.91	13,535.32
5	Total Comprehensive income for the period (comprising Profit for the period (after tax) and other Comprehensive income (after tax)) attributable to the Company.	6,191.24	5,810.25	1,844.44	12,001.49	2,220.87	13,546.69
6	Equity share capital	1,209.87	1,209.87	1,209.87	1,209.87	1,209.87	1,209.87
7	Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance sheet of Previous Year						54,887.30
8	Earning Per share (of ₹ 2/- each)						
	a) Basic (in ₹)	10.24	9.60	3.05	19.84	3.67	22.37
	b) Diluted (in ₹)	10.24	9.60	3.05	19.84	3.67	22.37

Notes:

1 The above is an extract of the detailed format of Quarterly Financial Results Filed with the stock exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly unaudited Financial Results are available on the Stock Exchange websites viz. www.bseindia.com and www.nseindia.com and also on the Company's website www.panamapetro.com.

2 The Board of Directors at its meeting held on 12th November, 2021, has declared Interim Dividend of Rs. 2/- per equity share of Rs.2/- each fully paid up, (i.e.100%), for the Financial Year 2021-22 aggregating to Rs.1209.87 Lakhs

3 Additional information on Standalone financial results as follows:-

(₹ in Lakhs)

Sr. No.	Particulars	Quarter ended			Half Year Ended		Year Ended
		30 September 2021 (Unaudited)	30 June 2021 (Unaudited)	30 September 2020 (Unaudited)	30 September 2021 (Unaudited)	30 September 2020 (Unaudited)	31 March 2021 (Audited)
1	Total income from operations (net)	42,531.67	42,700.86	28,043.64	85,232.53	40,695.88	1,20,730.43
2	Profit/(loss) before tax	6,588.17	6,211.82	2,237.45	12,799.99	2,568.94	16,759.25
3	Net Profit/(loss) for the period	4,914.01	4,619.38	1,665.22	9,533.39	1,900.13	12,343.37
4	Total comprehensive income for the period	4,912.83	4,622.17	1,664.78	9,535.00	1,898.09	12,354.74

For PANAMA PETROCHEM LIMITED
Sd/-
Amin A Rayani
(Managing Director & CEO)
DIN No.: 00002652

Place : Mumbai
Date : 12 November 2021

PARKER AGROCHEM EXPORTS LIMITED

(CIN: L24110GJ1993PLC020102)
Registered Office: Block H, Plot 3 & 4, New Kandla - 370 2710 (Kutch)
Corporate office: 401, 4th Floor, Turqouise Building,
Panchwati Five Roads, Ahmedabad-380006 (Gujarat)

UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED ON 30TH SEPTEMBER, 2021

(Rs. in Lacs)

Particulars	Quarter ended on 30-09-2021 (Unaudited)	Cumulative upto30-09-2021 (Unaudited)	Quarter ended on 30-09-2020 (Unaudited)
Total income from operations	85.70	116.93	70.23
Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items #)	(23.77)	(77.72)	4.01
Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items #)	(23.77)	(77.72)	4.01
Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items #)	(23.77)	(77.72)	4.01
Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)]	(23.77)	(77.72)	4.01
Equity Share Capital	477.90	477.90	477.90
Reserves (excluding Revaluation Reserve as shown in the Audited Balance Sheet of previous year)	-	-	-
Earnings Per Share (of Rs. 10/- each) (for continuing and discontinued operations) - (a) Basic & (b) Diluted	(0.50)	(1.63)	0.08

Note:
1. The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015.
2. The full format of the Quarterly Financial Results are available on the Stock Exchange websites (www.bseindia.com) and on the website of the Company. (www.parkeragrochem.com).
3.# - Exceptional and/or Extraordinary items adjusted in the Statement of Profit and Loss in accordance with Ind-AS Rules.

By Order of the Board,
For PARKER AGROCHEM EXPORTS LIMITED
SD/-
JAGDISH R. ACHARYA (DIN NO. 01251240)
CHAIRPERSON & MANAGING DIRECTOR

PLACE: AHMEDABAD
DATE: 12TH NOVEMBER, 2021

UMIYA TUBES LIMITED

(CIN: L28112GJ2013PLC074916)
Registered Office: 208, 2nd Floor, Suman Tower, Sector No. - 11, Gandhinagar -382011(Gujarat)
E-Mail ID: info@umiyatubes.com Website: www.umiyatubes.com

UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED ON 30THSEPTEMBER, 2021

(Amount in Lakhs)

Particulars	Quarter ended on 30-09-2021 (Unaudited)	Cumulative upto30-09-2021 (Unaudited)	Quarter ended on 30-09-2020 (Unaudited)
Total income from operations	733.55	1060.08	708.89
Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items #)	1.40	3.21	26.12
Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items #)	1.40	3.21	26.12
Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items #)	0.95	2.26	19.13
Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)]	(37.70)	43.71	20.17
Equity Share Capital	1000.67	1000.67	1000.67
Reserves (excluding Revaluation Reserve as shown in the Audited Balance Sheet of previous year)	-	-	-
Earnings Per Share (of Rs. 10/- each) (for continuing and discontinued operations) - (a) Basic & (b) Diluted	(0.38)	0.44	0.20

Note:
1. The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015.
2. The full format of the Quarterly Financial Results are available on the Stock Exchange websites (www.bseindia.com) and on the website of the Company. (www.parkeragrochem.com).
3.# - Exceptional and/or Extraordinary items adjusted in the Statement of Profit and Loss in accordance with Ind-AS Rules.

By Order of the Board,
FOR, UMIYA TUBES LIMITED
SD/-
SAURABHKUMAR R. PATEL
CHAIRPERSON & MANAGING DIRECTOR
(DIN NO. 06964670)

PLACE: GANDHINAGAR
DATE: 12TH NOVEMBER, 2021